| **Branch Name: Surat-Udhana** | |
| 138505004168 | Prem Nemaram Solanki |
| **Branch Name: Talod, Gujarat** | |
| 363405005554 | Arunbhai Ashokbhai Patni |
| **Branch Name: Thangadh** | |
| 170605014883 | Vipulbhai Nagarbahi Dalvadi |
| **Branch Name: Wankaner** | |
| 118405013244 | Gitaben Rameshbhai Dhanni |
| **Branch Name: Ahmedabad-Naroda** | |
| 084405002707 | Gautam Kumar Tiwari |
| **Branch Name: Ahmedabad-Rakhiyal** | |
| 324005000915 | Tarunaba Maghrola |
| **Branch Name: Ankleshwar** | |
| 025805004176 | Harshal Jivan Patil |
| **Branch Name: Borsad** | |
| 084605003498 | Minaben Gohel |
| 084605006753 | Bharatbhai Parmar |
| **Branch Name: Dwarka-Gujarat** | |
| 170305017741 | Naranbhai Rabari |
| **Branch Name: Khambhalia** | |
| 170405011703 | Aminaben Husen Bahaya |
| **Branch Name: Modasa** | |
| 084905006415 | Kalubhai Khant |
| 084905010047 | Babsinh Chauhan |
| 084905010050 | Shaileshkumar Khant |
| **Branch Name: Palej** | |
| 242105000610 | Dineshbhai Vasava |
| **Branch Name: Petlad** | |
| 137305002348 | Vinodbhai Talpada |
| **Branch Name: Rajpipla** | |
| 137705002427 | Surendrasinh Rathod |
| 137705002745 | Shrijitkumar Alkeshbhai Pandya |
| **Branch Name: Vasad** | |
| 200905005525 | Ashokbhai Solanki |
| **Branch Name: Vijapur** | |
| 372505002660 | Sureshbhai Gandabhai Vadi |

**Date : 10.06.2022**
**Place : Kachchh, Surat, Vadodara, Rajkot, Surendranagar, Jamnagar, Morbi, Junagadh, Porbandar, Sabar Kantha, Aravalli, Devbhumi Dwarka, Ahmedabad, Anand, Bharuch, Mahesana, Narmada**
**S/d**
**Authorised Officer**
**For ICICI Bank Limited**

# સાંસદ ડૉ. કિરીટ સોલંકી દ્વારા અમદાવાદ સ્ટેશન પર યાત્રીઓ માટે બે એસ્કેલેટરનું લોકાર્પણ






અમદાવાદ, માનનીય સાંસદ અમદાવાદ પશ્ચિમ, ડૉ. કિરીટભાઈ પી. સોલંકી દ્વારાઆજે તા.૦૯ જૂન ૨૦૨૨ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૮/૯ પર રેલવે યાત્રીઓ માટે બે એસ્કેલેટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં મંડલ રેલવે પ્રબંધક શ્રી તરૂણ જૈને માનનીય સાંસદ ડો.કિરીટભાઈ પી.સોલંકીનું સ્વાગત કર્યું હતું. માનનીય સાંસદ ડો.કિરીટ સોલંકીએ મીડિયા સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે અમદાવાદ રેલવે સ્ટેશન અગ્રણી સ્ટેશન છે.જેના પ્લેટફોર્મ નંબર ૮/૯ પર ૦.૭૫ કરોડ. રૂ.ના ખર્ચે બે એસ્કેલેટર લગાવવામાં આવ્યા છે. જેનો ઉપયોગ પ્રતિ કલાક ૬૦૦૦ યાત્રીઓ કરી શકશે. ખાસ કરીને વિકલાંગ અને વૃદ્ધો માટે ખુબજ ઉપયોગી થશે. રેલવે સુવિધાઓ વધારવા માટે કરવામાં આવતા સતત પ્રયાસોની પ્રશંસા કરી. આ પ્રસંગે વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી રવિન્દ્ર શ્રીવાસ્તવ, વરિષ્ઠ મંડળ વિદ્યુત ઈજનેર શ્રી કુમાર સંભવ પોરવાલ, મંડળ વિદ્યુત ઈજનેર શ્રીમતી રજની યાદવ સહિત અન્ય રેલવે અધિકારીઓ, કર્મચારીઓ તથા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ૧૦મી જૂને નવસારી ખાતે નવીન સરકારી મેડિકલ કૉલેજ અને હોસ્પિટલનું ભૂમિપૂજન કરાશે

અમદાવાદ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે ૧૦ મી જૂનના રોજ નવસારી ખાતે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ, ખાતમૂહૂર્ત અને ભૂમિપૂજન થનાર છે. પાણી પુરવઠા, આરોગ્ય સેવાઓ, માર્ગ અને મકાન, ઉર્જા અને શહેરી વિકાસ વિભાગના કુલ રૂ. ૩૦૫૦ કરોડના વિકાસ કાર્યોમાં અંદાજીત ૯૦૦ કરોડના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ, ૬૫૦ કરોડના વિકાસ કાર્યોનું ખાતમૂહુર્ત અને અંદાજીત ૧૫૦૦ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ભૂમિપૂજન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇના હસ્તે કરવામાં આવશે.

નવસારી ખાતે અંદાજીત રૂ. ૫૪૨ કરોડના ખર્ચે નિર્માણ પામનારી સરકારી મેડિકલ કૉલેજ અને હોસ્પિટલનું પણ વડાપ્રધાન શ્રી ભૂમિપૂજન કરશે. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશના પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કૉલેજ કાર્યરત કરીને ઘરઆંગણે જ મેડિકલ શિક્ષણ ઉપલબ્ધ કરાવવાની નેમ વ્યક્ત કરી છે. જેના પરિણામ સ્વરૂપ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના સબળ નેતૃત્વ અને આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલના સક્ષમ માર્ગદર્શન હેઠળ રાજય સરકારે પણ દરેક જિલ્લામાં મેડિકલ કૉલેજ ઉપલબ્ધ કરાવીને ઘરઆંગણે જ શ્રેષ્ઠ શિક્ષણ અને ઉત્તમ સ્વાસ્થ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા પ્રયત્નો હાથ ધર્યા છે. જેમાં નવસારી મેડિકલ કૉલેજ અને હોસ્પિટલ યશ કલગી ઉમેરશે. જેના થકી દક્ષિણ ગુજરાતના નાગરિકોને સ્થાનિક સ્તરે આરોગ્યલક્ષી સેવાઓ અને સુવિધાઓ ઉપલબ્ધ બનશે.

નવસારી ખાતે નિર્માણ પામનારી સરકારી મેડિકલ કૉલેજ અને હોસ્પિટલ કેમ્પસ વિશાળકાય જગ્યામાં અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ બનાવવામાં આવશે. અંદાજીત ૧.૫૦ લાખ સ્કેવર મીટર વિસ્તારમાં સમગ્ર કેમ્પસ નિર્માણ પામશે. જેમાં ૨૩ હજાર સ્કેવર મીટરમાં મેડિકલ કૉલેજ જ્યારે ૬૫ હજાર સ્કેવર મીટર વિસ્તારમાં હોસ્પિટલ કેમ્પસ કાર્યરત થનાર છે.

અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ થનારી મેડિકલ કૉલેજમાં ૪ લેક્ચર થીયેટર હશે. જે ઓડિયો-વીડિયો ડિજીટલ સેવાઓથી સજ્જ હશે. જેમાં રૂઢિગત પ્રણાલી ઉપરાંત ડિજીટલ શિક્ષણ મેળવવામાં સરળતા રહશે. સ્કીલ લેબોરેટરીના પરિણામે સ્ટુડન્ટસની સંશોધન ક્ષેત્રની પ્રવૃત્તિઓને વેગ મળશે. શિક્ષણ સાથે સ્પોર્ટ્સના અભિગમ સાથે મલ્ટીપર્પસ હોલ, વિવિધ સ્પોર્ટસ સુવિધાઓ, અલાયદા ચાઇલ્ડ કેર સેન્ટર, સ્ટુડન્ટસ કાઉન્સીલની પણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

મેડિકલ કૉલેજ કેમ્પસમાં શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને રહેવાની સુવિધા ઉપલબ્ધ કરાવવા ૩૩૦ કેપેસીટીની બોય્સ અને ૩૩૦ કેપેસીટીની ગર્લ્સ હોસ્ટેલ પણ કેમ્પસમાં જ નિર્માણ પામશે.

કેમ્પસમાં નિર્માણ પામનાર નવીન હોસ્પિટલમાં ૪૫૦પથારીની સુવિધા ઉપલબ્ધ બનતા હોસ્પિટલની કુલ બેડ ક્ષમતા ૫૧૧ થશે.

જેમાં ૪ મોડ્યુલર ઓપરેશન થીયેટર સાથેના કુલ ૮ ઓપરેશન થીયેટર કાર્યરત થશે. ૨૨ ઓ.પી.ડી. ક્લીનીક સેવાઓ ઉપલબ્ધ થશે. તદ્ઉપરાંત નવીન હોસ્પિટલ સંપૂર્ણપણે સી.સી.ટી.વી. સુવિધાથી સજ્જ, અલાયદુ ઇમરજન્સી કેર સેન્ટર, સાથેની તમામ માળખાગત અને જરૂરી સેવાઓ અને સુવિધાઓ નવીન હોસ્પિટલમાં કાર્યરત થનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૨ પહેલા ગુજરાતમાં ફક્ત ૮ મેડિકલ કૉલેજ હતી. મેડિકલ ક્ષેત્રે કારકિર્દી ઘડતરનું સ્વપ્ન સેવતા વિદ્યાર્થીઓને ગુજરાત અને દેશબહાર શિક્ષણાર્થે જવું પડતુ. શ્રી નરેન્દ્રભાઈની દિર્ઘદ્રષ્ટિ અને સક્ષમ નેતૃત્વના પરિણામ સ્વરૂપ આજે ગુજરાતમાં ૩૧ જેટલી સરકારી અને ખાનગી મેડિકલ કૉલેજ કાર્યરત બની છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના સક્ષમ નેતૃત્વ અને આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજય સરકાર દરેક જિલ્લામાં મેડિકલ કૉલેજ ઉપલબ્ધ કરાવવા કટિબધ્ધ છે. જેના પરિણામ સ્વરૂપ આ વર્ષે સમગ્ર રાજયમાં નવસારી, રાજપીપળા(નર્મદા), ગોધરા(પંચમહાલ), મોરબી અને પોરબંદર ખાતે નવીન મેડિકલ કૉલેજ ટૂંક સમયમાં નિર્માણ પામનાર છે. જેમાં પ્રત્યેક કૉલેજ દીઠ ૧૦૦ બેઠકની ફાળવણી કરવામાં આવશે. જે માટે અંદાજીત રૂ.૨૨૫૦ કરોડનું આયોજન હાથ ધરાયું છે.

# અમદાવાદમાં ટ્રાફિક નિયમોનું ભંગ કરતા લોકો પાસેથી ૩.૬૯ લાખ દંડ વસુલ કર્યો

અમદાવાદ, અમદાવાદ શહેરમાં બનતા વાહન અકસ્માતોના બનાવોમાં રોન્ગસાઈડ વાહન ચલાવવાને કારણે ગંભીર અકસ્માત થાય છે. તથા કેટલાક અકસ્માત થયા બાદ એચએસઆરપી નંબર પ્લેટ ના હોવાથી અકસ્માત કરનારની ભાળ મળતી નથી અને ગુનો અનડીટેક્ટ રહે છે. જેથી હવે એક અઠવાડિયા સુધી પોલીસે રોંગ સાઈડ વાહન ચલાવનાર તથા એચએસઆરપી નંબર પ્લેટ વિનાના વાહનો ચાલકો કેસ કરીને દંડ વસૂલવાનું શરૂ કર્યું છે.આ ડ્રાઈવ દરમિયાન પહેલા જ દિવસે રોંગ સાઈડમાં વાહન હંકારનારા ૮૯ લોકો પાસેથી પોલીસે ૧.૪૬ લાખ રૂપિયાનો દંડ વસૂલ કર્યો છે. એચએસઆરપી નંબર પ્લેટ વિના ફરતા વાહનો પાસેથી રૂ.૧૦૦૦, રોંગ સાઈડમાં ચલાવનાર પાસેથી રુ.૧૫૦૦, કાર ચાલક પાસેથી રુ.૩૦૦૦ તેમજ ટ્રક-બસ જેવાં મોટા વાહનો પાસેથી રૂ.૫૦૦૦ દંડ વસૂલ કરવામાં આવી રહ્યો છે. શહેરમાં રોંગ સાઈડમાં વાહન હંકારનારા મોટાભાગે આનંદનગર, સેટેલાઈટ, પાલડી, એસ.જી હાઈવેના અમુક વિસ્તારમાં, સિંધુ ભવન રોડ પર દંડવામાં આવ્યાં છે. જ્યારે એચએસઆરપી નંબર પ્લેટ વિનાના વાહનોની વાત કરીએ તો સેટેલાઈટ, વેજલપુર, આનંદનગર વિસ્તારમાંથી પોલીસે ૫૯૫ લોકો સામે દંડનીય કાર્યવાહી કરીને ૨.૨૩ લાખ રૂપિયાનો દંડ વસૂલ કર્યો છે. શહેરમાં બનતા ગંભીર અકસ્માત અને અકસ્માતમાં થતા મૃત્યુમાં મોટા ભાગના બનાવોમાં બેમાંથી એક વાહનચાલક રોંગ સાઈડમાં આવ્યો હોવાથી અકસ્માત થયો હોવાનું પૂરવાર થયું હતું. જેના કારણે અકસ્માત કરનારા વાહન ચાલકો બિન્દાસ ફરી રહ્યા છે. અકસ્માતો ઘટાડવા માટે તેમજ એચએસઆરપી વગર ફરતા વાહન ચાલકો સામે કાર્યવાહી કરવા માટે પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે ૫ જૂનથી ૧૧ જૂન સુધી ખાસ ડ્રાઈવ યોજી છે. દરેક પોલીસ સ્ટેશને કરેલી ડ્રાઈવની કામગીરી રોજ રાતે ઉપરી અધિકારીઓને મોકલી આપવા ટ્રાફિક પોલીસને આદેશ કરવામાં આવ્યો છે. જેમાં ટ્રાફિકના તમામ પોલીસ સ્ટેશનના પીઆઈ તેમજ ઉપરી અધિકારીઓ ૧૦૦ કરતાં પણ વધારે પોઈન્ટ પર તહેનાત કરાશે.

# મુસાફરોની સુવિધા માટે વસ્ત્રાપુર સ્ટેશન પર રેલ ટિકિટ રિઝર્વેશનની સુવિધા ફરી શરૂ કરવામાં આવી

અમદાવાદ, પશ્ચિમ રેલવે દ્વારા વસ્ત્રાપુર સ્ટેશન પર મુસાફરોની સુવિધા માટે રેલવે ટિકિટ રિઝર્વેશન સુવિધા કેન્દ્ર (PRS) ૦૯ જૂન, ૨૦૨૨ (ગુરુવાર) થી શરૂ થશે. બોટાદ-ગાંધીગ્રામ ગેજ કન્વર્ઝન વખતે આ રિઝર્વેશન સેન્ટર બંધ કરવામાં આવ્યું હતું. વસ્ત્રાપુર સ્ટેશન પરનું રિઝર્વેશન સેન્ટર સોમવારથી શનિવાર સુધી સવારે ૮:૦૦ થી ૨૦:૦૦ વાગ્યા સુધી ખુલ્લું રહેશે અને રિઝર્વેશન સેન્ટર રવિવારે બપોરે ૧૪:૦૦ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. મુસાફરોને રિઝર્વેશન સેન્ટરનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરાયો છે.

# ભારતીય રિટેલની અગ્રણી કંપની નેક્સસ મોલ્સ એ નવી બ્રાન્ડ ઓળખ રજૂ કરી




અમદાવાદ, ભારતના સૌથી મોટા રિટેલ પ્લેટફોર્મ નેકસસ મોલ્સ એ પોતાની નવી બ્રાન્ડ ઓળખ રજૂ કરી છે. નેકસસ મોલ્સ ભારતનો સૌથી મોટો રિટેલ પ્લેટફોર્મ છે જેની પાસે ૧૩ શહેરોમાં એ ગ્રેડ ના લગભગ એક કરોડ વર્ગફિટ ક્ષેત્રફળમાં બનેલ શોપિંગ સેન્ટર છે. આ નવી બ્રાન્ડ ઓળખ અંતર્ગત ૧૭ રિટેલ પ્રોપર્ટીઝ ને એકેજુઠ કરવામાં આવી છે. ભારતમાં સંગઠિત રિટેલ ના ઈતિહાસમાં આ સૌથી અગત્યના પરિવર્તનો માઠી એક છે અને નેકસસ અમદાવાદ વન ગ્રાહકો ને પહેલા રાખવા માટે પ્રતિબદ્ધ છે. નવી બ્રાન્ડ ઓળખ નો ઉદ્દેશ નેક્સસ મોલ્સ પ્લેટફોર્મ ના કર્મચારીઓ , રિટેલરો અને ગ્રાહકો વચ્ચેના સંબંધોને મજબૂત કરવાનો અને જાગરુકતા વધારવાનો છે. કંપનીનો નવો લોગો આધુનિક , બોલ્ડ , આકર્ષક હોવા સાથે નેકસસ મોલ્સ ના વિઝનને પ્રતિબિંબિત કરે છે અને આ વર્તમાન અને ભાવિ ગ્રાહકો સાથે નેકસસ બ્રાન્ડનું જોડાણ કાયમ કરશે. લોગોના પ્રતેયક જીવંત રંગ વિભિન્ન ભાવનાઓ અને કોન્સેપ્ટ્સ ને જાહેર કરે છે જેમાં આનંદ , ઉત્સાહ , તાજગી , જિંદગી , જાદુ અને સૌથી અહમ પ્રસન્નતા સામેલ છે. આ પ્રસંગ પર નેક્સસ મોલ્સના સીઈઓ દલિપ સહગલે જણાવ્યુ કે, " અમારી નવી બ્રાન્ડ ઓળખ અમારા વાયદા, 'હર દિન કુછ નયા' ને નવા અંદાજ માં રજૂ કરે છે. આ એક એવો વડો છે જ્યાં અમે અમારા ૧૩ કરોડ થી વધુ ગ્રાહકો માટે કઈક નવું, કઈક ખાસ અને કઈક વ્યક્તિગત દરરોજલઈને આવીશું. આ સિવાય રિબ્રાન્ડિંગ થી કામકાજમાં વધુ સારો તાલમેલ સુનિશ્ચિત થઈ શકશે. આ એ દર્શાવે છે કે અમે જે અન કરીએ છીએ તે અમારા મૂલ્યો – ગ્રાહક કેંદ્રીયતા, ખ્યાલ , ઈનોવેશન અને ઉત્કૃષ્ટતા ની આસપાસ હોય છે." –

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at- Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-2 Published from 201-2, Nandan Com. Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahd-6 Edi.: Mayur Bhatt

# કારખાનામાં કામ કરતો વ્યક્તિ મજૂરોને ધમકાવી તસ્કરી કરતો આરોપીની થઈ ધરપકડ

રાજકોટ, રાજકોટમાં કારખાનામાં કામ કરતા મજૂરોના એરગનથી ડરાવી દાગીના અને મોબાઈલની તસ્કરી કરતા ચોરની ભક્તિનગર પોલીસે ધરપકડ કરી તેની પાસેથી કુલ ૭ હજારનો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે જંગલેશ્વરમાંથી ચોક્કસ બાતમીને આધારે સલીમ ઉર્ફે કાલી ઇદરિસીની ધરપકડ કરી હતી.

પોલીસની પુછપરછમાં સલીમે અક્ષર કારખાનામાં પ્રવેશ કરી ઓરડીમાંથી મોબાઈલ ફોન,એક જોડી સોનાની કડી અને રોકડ રકમ સહિત કુલ ૨૮ હજારના મુદામાલની ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી. જેના આધારે પોલીસે તેની ધરપકડ કરી તેની પાસેથી એરગન, છરી તેમજ રોકડ રકમ સહીત કુલ ૭ હજારનો મુદામાલ કબ્જે કર્યો છે. તેમજ સોનાના દાગીના રિકવર કરવા તપાસ હાથ ધરી છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપી સલીમ ઉર્ફે કાલી હમેશા પોતાની સાથે એક છરી અને એરગન રાખતો હતો. મોટાભાગે કારખાના વિસ્તારમાં ચોરી કરવા પસંદ કરતો હતો અને ઓરડીમાં દરવાજો ખુલો રાખી અથવા માત્ર અટકાવી ને સુતા હોય તો ત્યાં મજૂરો પાસે રહેલ મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ચોરી જતો હતો. આ દરમિયાન કોઈ સુતેલ વ્યક્તિ જાગે તો તેને એરગન અને છરી બતાવી ડરાવતો હતો. ઉલ્લેખનીય છે કે આરોપી સલીમ ઉર્ફે કાલી અગાઉ પણ ભક્તિનગર પોલીસના હાથે બે વખત અલગ અલગ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે.

# રુબિક્સ ડેટા સાયન્સની ભારતમાં લિગલ એન્ટીટી આઈડેન્ટીફાયર માટે માન્યતા એજન્ટ તરીકે નિમણૂંક કરાઈ

અમદાવાદ, તકનીકી અને એનાલિટીક્સ આધારિત B2B જોખમ સંચાલન અને દેખરેખ પ્લેટફોર્મ રુબિક્સ ડેટા સાયંસિસ (રુબીક્સ)ની ભારતમાં લિગલ એન્ટિટી આઈડેન્ટીફાયર ઈન્ડિયા લિમીટેડ (LEIL)ના માન્યતા એજન્ટ તરીકે નિમણૂંક કરવામાં આવી છે.રુબિક્સ અને લીગલ એન્ટિટી આઈડેન્ટિફાયર લિમિટેડ (LEIL) વચ્ચે આ અંગેના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેને સ્વીત્ઝરલેન્ડમાં વડુમથક ધરાવતી ગ્લોબલ લિગલ એન્ટિટી આઈડેન્ટિફાયર ફાઉન્ડેશન (GLEIF) દ્વારા લિગલ એન્ટિટી આઈડેન્ટીફાયર્સ (LEIs) જારી કરવાની અને તેનું સંચાલન કરવા માટે સ્થાનિક ઓપરેટિંગ યુનિટ તરીકેની માન્યતા આપવામાં આવી છે. LEIL એ ક્લિયરિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે.LEI એ ૨૦-અક્ષરનો, આલ્ફાન્યૂમેરિક કોડ છે જે વિશિષ્ટ રીતે કાનૂની એન્ટિટી અથવા માળખાને ઓળખે છે જે કોઈપણ અધિકારક્ષેત્રમાં નાણાકીય વ્યવહારનો પક્ષકાર છે. LEI મુખ્ય સંદર્ભ માહિતી સાથે જોડે છે જે નાણાકીય વ્યવહારોમાં ભાગ લેતી કાનૂની સંસ્થાઓની સ્પષ્ટ અને અનન્ય ઓળખને સક્ષમ કરે છે. દરેક LEIમાં એન્ટિટીના માલિકી માળખા વિશેની માહિતી હોય છે અને આ રીતે 'કોણ કોણ છે' અને 'કોણ કોની માલિકી ધરાવે છે' ના પ્રશ્નોના જવાબ આપે છે. –

# માહિરા ખાનનું સદકે તમ્હારે સાથે ભારતીય ટેલિવિઝન પર પુનરાગમન



અમદાવાદ, DTH મંચો ટાટા પ્લે અને ડિશ ટીવી | D2H પર તેના લોન્ચ સાથે ઝિંદગીએ ભારતીય દર્શકોના જીવનમાં છાપ છોડતા તેમના ફેવરીટ કલાકારો અને શો સાથે તેમને રોમાંચિત કર્યા છે. ફવાદ ખાન અને સનમ સઈદના ચમકાવતી ટેલિવિઝન સિરીઝને મળેલા અદભુત પ્રતિસાદ પછી ઝિંદગી હવે ૯મી જૂને સાંજે ૭ વાગ્યાથી સદકે તુમ્હારેના લોન્ચ સાથે દર્શકોને રોમાંચિત કરવા માટે સુસજ્જ છે. શોમાં માહિરા ખાન મુખ્ય ભૂમિકામાં છે. માહિરાએ ઝિંદગીના સદકે તુમ્હારે સાથે હમસફરમાં તેના પરફોર્મન્સ સાથે ભારતીય દર્શકોનાં મન જીતી લીધાં હતાં, જે માટે તેને લક્સ સ્ટાઈલ એવોર્ડ ફોર બેસ્ટ ટીવી એક્ટ્રેસ અને બે હમ એવોર્ડસ મળ્યા હતા. આ પછી શાહરુખ ખાન સાથે રઈસમાં પરફોર્મન્સ સાથે તેણે બોલીવૂડમાં પણ પોતાની છાપ છોડી હતી. સદકે તુમ્હારે ખલીલ- ઉર- રહમાન દ્વારા લિખિત છે અને મોહમ્મદ એહતેશામુદ્દીન દ્વારા દિગ્દર્શિત છે. લેખકના જીવનના અનુભવો પર આધારિત આ ૧૯૮૦ની પ્રેમકથા છે. આ ખલીલ (અદનાન મલિક) અને શાનો (માહિરા)ની વાર્તા છે, જેમની જીવનમાં બહુ વહેલા સગાઈ થાય છે, પરંતુ ૧૦ વર્ષ તેઓ વિખૂટાં પડી જાય છે. ગ્રામીણ છોકરી શાનો મોટા શહેરમાં સ્થાયી થયેલા ખલીલને મળવા માટેઆતુર છે. આરંભમાં ખલીલ શહેરમાં તેને માટેસારી સંભાવનાઓ હોવાથી શાનો માટે પોતાની લાગણીઓ વ્યક્ત કરવા ખચકાટ અનુભવતો હતો, પરંતુ હવે તે શાનોના પ્રેમમાં પડી ગયો છે.(૧૯-૮)


**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**

**ટેન્ડર આમંત્રણ નોટિસ (NIT)**

**ઇ-ટેન્ડર નંબર BRC_MMCT_SnT_01 તા. 07/06/2022; ટેન્ડર નં. EPC_BRC_SnT_01 તા. 07/06/2022; ડિપાર્ટમેન્ટ:** સિગ્નલ એન્ડ ટેલિકોમ; **એક્ઝીક્યુટિવ:** ડે. ચીફ સિગ્નલ એન્ડ ટેલિકોમ એન્જિનિયર વર્ક્સ, પશ્ચિમ રેલવે, વડોદરા; **કાર્ય અને સ્થળ:** પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનના વડોદરા RRI, રણોલી-વાસદ ઓટો સેક્શન, વાસદ-અડાસ રોડ ઓટો સેક્શન, અડાસ રોડ-વડોદ ઓટો સેક્શન, વડોદ-આણંદ ઓટો સેક્શન ખાતે મલ્ટી સેક્શન ડિજિટલ એક્સલ કાઉન્ટર (MSDAC) ઇક્વિપમેન્ટની ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. **કામનો અંદાજીત ખર્ચ:** ₹ 17.71 કરોડ; **ટેન્ડર ફોર્મની કિંમત:** NIL; **ઓફિસની વિગત જ્યાં ઇ-ટેન્ડર ખુલશે:** ડેપ્યુટી CSTE / વર્કસ (S&T), બીજો માળ, એનેક્સ બિલ્ડીંગ, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, પ્રતાપનગર, વડોદરા – 390 004; **અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹ 8,85,500/-; **પૂર્ણતાનો સમયગાળો:** 24 મહિના; **ઓફર્સની વેલિડિટી:** 180 દિવસ, ખુલવાની તારીખ થી; **ઇ-ટેન્ડરનો પ્રકાર:** ઓપન ઇ-ટેન્ડર, સિંગલ સ્ટેજ ટુ પેકેટ સિસ્ટમ; **પ્રી-બિડ કોન્ફરન્સ તારીખ સમય:** 30/06/2022 (11:00 કલાક IST); **2જી પ્રી-બિડ કોન્ફરન્સ તારીખ સમય:** 15/07/2022 (11:00 કલાક IST); **ટેન્ડર બંધ થવાની તારીખ સમય:** 22/08/2022 (15:00 કલાક IST); **ટેન્ડર આ તારીખ પહેલાં પ્રકાશિત થશે:** 10/06/2022; **ટેન્ડર વેબસાઇટ** http://www.ireps.gov.in **પર જોઈ શકાશે.** 39

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**

**ફાઇલ નં. WR-BRC0COMM/73/2020-O/o SRDCM/BRC/WR**

**ઈ-ટેન્ડર નોટિસ**

**કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ**

**(1) ટેન્ડર નં.: CA450-BRCP-PVDB-22; (2) કામનું નામ :** વડોદરા રેલવે સ્ટેશન પર પ્રોડક્ટ, વ્હીકલ અને પ્રમોશનલ એક્ટિવિટી ના ડિસ્પ્લે માટે કિઓસ્ક સ્પેસ તથા વડોદરા રેલવે સ્ટેશન પર પ્રોડક્ટ, ઓટોમોટિવ અને મેનેક્વિન (Mannequin) ડિસ્પ્લે બુથ માટે કોન્ટ્રેક્ટ 05 વર્ષના સમયગાળા માટે. **(3) કુલ એરિયા:** 312 ચો. ફૂટ ડિસ્પ્લે બુથ માટે અને 216 ચો. ફૂટ કિઓસ્ક સ્પેસ માટે; **(4) રિઝર્વ પ્રાઈસ:** ₹ 7,50,000/- પ્રથમ વર્ષ માટે + GST; **(5) અર્નેસ્ટમની ડિપોઝીટ:** ₹ 79,700/-અર્નેસ્ટમની ડિપોઝીટ ઓનલાઈન નેટ બેંકિંગ અથવા ઈ-પેમેન્ટ ગેટવે દ્વારા જ સ્વીકારાશે. **(6) ટેન્ડર ફોર્મ ફી:** ₹ 3,540/- (GST @ 18% સહિત) ટેન્ડરની રકમ ઓનલાઈન નેટ બેંકિંગ અથવા ઈ-પેમેન્ટ ગેટવે દ્વારા જ સ્વીકારાશે. **(7) કોન્ટ્રેક્ટનો સમયગાળો:** 05 વર્ષ; **(8) ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** 01.07.2022 ના 15.00 કલાક; **(9) વેબસાઈટની વિગત:** www.ireps.gov.in ઓનલાઈન વેબસાઈટ દ્વારા જ. 37

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**

**ફાઇલ નં.: WR-BRC0COMM(NONF)/3/2022-O/o SRDCM/BRC/WR**

**ઈ-ટેન્ડર નોટિસ**

**કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ**

**(1) ટેન્ડર નં. : CA450-EKNR-Zone-A-22-2; (2) કામનું નામ:** એકતાનગર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. 2/3 પર કુલ 360 ચો.ફૂટના કુલ એરિયામાં ગ્લો સાઇન બોર્ડના માધ્યમથી કોમર્શિયલ એડવર્ટાઈઝમેન્ટના ડિસ્પ્લે માટે કોન્ટ્રેક્ટ. એક વર્ષના સમયગાળા માટે. **(3) મીડિયા :** ગ્લો સાઈન બોર્ડસ; **(4) કુલ એરિયા:** 360 ચો.ફૂટ; **(5) રિઝર્વ પ્રાઈસ:** ₹ 3,60,000/- એક વર્ષ માટે+GST; **(6) અર્નેસ્ટમની ડિપોઝીટ :** ₹ 7200/- અર્નેસ્ટમની ડિપોઝીટ ઓનલાઈન નેટ બેંકિંગ અથવા ઈ-પેમેન્ટ ગેટવે દ્વારા જ સ્વીકારાશે; **(7) ટેન્ડર ફોર્મ ફી:** ₹ 1,180/- (GST @ 18% સહિત) ટેન્ડરની રકમ ઓનલાઈન નેટ બેંકિંગ અથવા ઈ-પેમેન્ટ ગેટવે દ્વારા જ સ્વીકારાશે. **(8) કોન્ટ્રેક્ટનો સમયગાળો:** 01 વર્ષ; **(9) ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય :** 01.07.2022 ના 15.00 કલાક; **(10) વેબસાઈટની વિગત:** www.ireps.gov.in ઓનલાઈન વેબસાઈટ દ્વારા જ. 38

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**રાધે ડેવલપર્સ (ઈન્ડિયા) લીમીટેડ**

૧લો માળ, ચુનીભાઈ ચેમ્બર્સ, સીટી ગોલ્ડ સીનેમા પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯

સીન : L45201GJ1995PLC024491/ ફોન :+૯૧ ૭૯ ૨૬૫૮૩૩૮૧/ www.radhedevelopers.com, secretarial@radheinfra.com

**૨૮મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે રાધે ડેવલપર્સ (ઇન્ડિયા) લીમીટેડનાં સભ્યોની અઠાવીસમી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) સોમવાર, ૦૪ જુલાઈ, ૨૦૨૨ના રોજ સવારે ૧૧.૩૦ ક્લાકે, કંપનીની રજીસ્ટ્ર્ડ ઓફિસ ૧લો માળ, ચુનીભાઈ ચેમ્બર્સ સીટી ગોલ્ડ સીનેમાની પાછળ આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯ ખાતે તા.૨૭મી મે, ૨૦૨૨ના રોજ આપેલી નોટિસમાં જણાવ્યા પ્રમાણે સામાન્ય તથા વિશેષ બિઝનેશ હાથ ધરાશે.એજીએમ ની નોટિસ, વાર્ષિક અહેવાલ હાજર રહેવાની સ્લીપ સભ્યોને નિયમાનુસાર પરવાનગી મુજબનાં મોડથી મોકલી આપવામાં આવ્યા છે.ઉપરોક્ત દસ્તાવેજો કંપનીની વેબસાઇટ www.radhedevelopers.com પર પણ ઉપલબ્ધ છે અને ઉપરોક્ત કહેવાતા દસ્તાવેજો કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ પર કામના ક્લાકો દરમ્યાન શનિવાર અને રવિવાર સિવાય સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ માં અગાઉ થી ટાઇમ લઇને અઠાવીસમી સાધારણ સભાના દસ્તાવેજોનું નિરીક્ષણ કરી શકાશે. કંપનીએ વાર્ષિક એહેવાલ મોકલવાની કામગીરી પુરી કરી છે. વાર્ષિક અહેવાલ ૯ જૂન, ૨૦૨૨ના રોજ કંપનીના ડિપોઝટરી પાર્ટીસિપેટ સાથે જેમના ઈ-મેલ એડ્રેસ નોંધાયેલ છે એમને ઈલેક્ટ્રોનિક પદ્ધતિ થી મોકલવામાં આવેલ છે.

કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૯૧ની જોગવાઈ પ્રમાણે આથી અહી નોટીસ આપવામાં આવે છે કે કંપનીની ૨૮મી એજીએમના હેતુસર સભ્યો માટે શેર ટ્રાંસફર બુક મંગળવાર, ૨૮ જૂન, ૨૦૨૨ થી સોમવાર તા.૦૪ જુલાઈ, ૨૦૨૨ (બન્ને દિવસ સહિત) બંધ રહેશે.

કંપની રૂલ ૨૦૧૪ (મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન) કંપનીની કલમની એક્ટ ૨૦ અને જોગવાઈ ૧૦૮ મુજબ સિક્યુરિટી એક્સચેન્જ બોર્ડના સુધારો રેગ્યુલેશનની (લીસ્ટીંગ ઓબ્લીગેશન અને ડીસક્લોઝર રીકવારમેન્ટ ),રેગ્યુલેશન ૨૦૧૫ની કલમ ૪૪નો સુધારા મુજબ સભ્યો તેમના મત ઇલેક્ટ્રોનીકલી ઈ- વોટિંગ સગવડતા માટે નેશનલ સીક્યોરીટી ડીપોઝીટરી લીમીટેડ (એનએસડીએલ) મારફતે એજીએમની નોટિસમાં જણાવ્યા પ્રમાણે બધા ઠરાવો માટે મતદાન કરી શકશે. જે સભ્યો ૨૮મી જૂન, ૨૦૨૨ના કટ ઓફ ડેટના રોજ જે સભ્યો શેર ધરાવતા હશે તે મતદાન કરી શકશે. કટ ઓફ ડેટ પર જે સભ્યો નોટીસ મોકલી દીધા પછી સભ્ય બન્યા હોય અને શેર ધારણ કર્યા હોય તમણે ઇ વોટીંગ માટે પોતાની ડીપોઝીટરીનો સંપર્ક કરવો.સભ્યો તેમ છતા કોઈ એનએસડીએલમાં ઈ- વોટીંગ માટે યુઝર આઈડી અને પાસવર્ડ નોંધાવી લીધા હશે તે તેનો ઉપયોગ મતદાન માટે કરી શકશે. જે વ્યક્તિ સભ્ય તરીકે નોંધાયેલ હશે તે અથવા સભ્યોના રજીસ્ટ્રરમાં તે કટ ઓફ ડેટ પહેલા નોંધાયેલા હશે તે ઇ- વોટીંગ માટે અથવા એજીએમના સ્થળે મતદાન માટે માન્ય ગણાશે. આ વાર્ષિક સાધારણ સભાની નોટિસ નેશનલ સિક્યુરિટી ડિપોઝટરી લીમીટેડ (એનએસડીએલ) વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

રિમોટ ઈ- વોટીંગનો સમય **શુક્રવાર, ૦૧ જુલાઈ, ૨૦૨૨**(સવારે ૯.૦૦ વાગ્યે) શરૂ થશે અને **રવિવાર, ૦૩ જુલાઈ, ૨૦૨૨**(સાંજે ૫.૦૦ વાગ્યે) પુરૂ થશે. આ દરખાસ્ત, જે સભ્યો ફિઝીકલ ફોર્મ કે ડિમટરીયલાઈઝ ફોર્મમાં કટ ઓફ ડેટ ૨૮ જૂન, ૨૦૨૨ના રોજ શેર ધારણ કર્યા હશે, તો તે પોતાનો વોટ ઇલેક્ટ્રોનિકલી માધ્યમથી એજીએમ નોટીસમાં જણાવ્યા પ્રમાણે રીત અને પદ્ધતિ પ્રમાણે આપી શકશે.ઉપર જણાવ્યા પ્રમાણે ઈ વોટીગંનો સમય પુરો થયા બાદ ઇ વોટીગ પધ્ધતિ નિષ્ક્રીય કરી દેવામાં આવશે. ઠરાવ ઉપર એક વાર સભ્ય દ્વારા ઈ વોટિંગ અપાઈ ગયા બાદ સભ્ય તેને બદલી શકશે નહી. ઈ વોટિંગ થી મત આપ્યા બાદ સભ્ય એજીએમની બેઠક માં ભાગ લઈ શકશે પરંતુ તેને ફરીવાર મત આપવાની મંજુરી મળશે નહી.જે સભ્યોએ ઇ વોટીંગ ન કર્યું હોય તેઓ એજીએમના સ્થળે મતદાન કરી શકશે. સભ્ય એજીએમના સ્થળે રિમોટ ઈ વોટિંગ અથવા બીજી પદ્ધતિ પૈકી બે માંથી એક પદ્ધતિ ધારણ કરી શકશે. એજીએમના મતદાનનું પરીણામ ૦૬ જુલાઈ,૨૦૨૨બુધવાર કે તે પહેલા જાહેર કરવામાં આવશે. જાહેર થયેલુ પરીણામ અને સ્ક્રૂટીનાઈઝર નો અહેવાલ કંપનીની રજીસ્ટર ઓફિસ અને કંપનીની વેબસાઇટ અને જે સ્ટોક એક્સચેન્જ પર કંપનીના શેર લીસ્ટેડ છે તેને આ અંગે જાણ કરવામાં આવશે.

ઈ વોટિંગના નિરીક્ષણ માટે નિરીક્ષક તરીકે કંપની સેક્રેટરી અલ્કેશ જાલાનની નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણી થાય તે માટે નિમણુંક કરવામા આવી છે. સભ્યોને કોઈ પ્રશ્ન હોય તો નીચેના સપર્ક કરી શકે છે.

સભ્યોને વિનંતી કે કોઇ પ્રશ્ન માટે નીચેના સરનામા અને સંપર્ક નંબરો નોંધી લેશો.

શ્રીમતી પલ્લવી મહાત્રે નેશનલ સિક્યોરિટી ડિપોઝટરી લીમીટેડના મેનેજર / ટ્રેડ વર્લ્ડ એ વિંગ ૪થે માળે કમલા મિલ્સ કમ્પાઉન્ડ લોઅર પરેલ મુંબઈ-૪૦૦૦૧૩, મહારાષ્ટ્ર ફોન નં. ૧૮૦૦ ૧૦૨૦-૯૯૦/૧૮૦૦ ૨૨૪૪-૩૦, ઈમેલ evoting@nsdl.co.in.

જો કોઈને ઈ- વોટીંગ બાબતે કોઈપણ પ્રકારનો પ્રશ્નો હોય તો ફ્રિક્વન્ટલી આસ્કડ ક્વોશ્ચન (FAQs) અને ઈ-વોટીંગ વેબસાઈટ www.evoting.nsdl.com પર મળી શકશે અને મદદ માટે ઈ-મેઈલ evoting@nsdl.co.in અને ફોન નં. ૧૮૦૦ ૧૦૨૦-૯૯૦/૧૮૦૦ ૨૨૪૪-૩૦ પર મળી શકશે અને mcsahmed@gmail.com/mcsstaahmd@gmail.com ઈમેલ અથવા ફોન નં. 079-26580461/462/463.

કૃપયા તમારો નવો ઈમેલ આઈડી કંપની/ ડિપોઝટરી પાર્ટીસિપેન્ટ સાથે રજીસ્ટર્ડ કરો જેથી સમય અંતરે માહીતી મળી શકે.

એજીએમની વિગત કંપની વેબસાઇટ www.radhedevelopers.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે.

બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના હુક્મ વતી
રાધે ડેવલપર્સ ( ઈન્ડિયા) લીમીટેડ માટે
ખ્યાતિ કે. પટેલ
કંપની સેક્રેટરી અને કમ્પ્લાયંસ ઓફિસર

તારીખ : ૦૯ જૂન, ૨૦૨૨
સ્થળ : અમદાવાદ



**ધ ફેડરલ બેંક લી. અલ્કાપુરી શાખા** — **ગોલ્ડ લોન વેચાણ નોટીસ**

ગોકુલેશ-II, આર.સી. દત્તરોડ, અલ્કાપુરી, વડોદરા- ૩૯૦૦૦૭. ફોન : ૦૨૬૫-૨૩૫૦૯૪૧,

**આથી તમામ સબંધિતો અને જાહેર જનતાને જાણ અર્થે નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ધ ફેડરલ બેંકની અલ્કાપુરી શાખામાં નીચે જણાવેલ ગોલ્ડ લોન ખાતેદારના ગીરો મુકવામાં આવેલ સોનાના આભુષણો છોડાવવા માટે સમયસર ચુકવણું કરવામાં આવેલ નથી અને વારંવારની નોટીસ આપવા છતાં ચુકવણું કરાયેલ ન હોય, જો તે ખાતાઓ તારીખ ૧૮/૦૬/૨૦૨૨ના રોડ અથવા તે પહેલાબંધ કરવામાં નહી આવે તો ખાનગી વેચાણ દ્વારા વેચાણ કરવામાં આવશે.**

**ખાતેદારની વિગત**

| ક્રમ | કરજદારનું નામ | ખાતા નંબર | ગ્રોસ વજન (ગ્રામમાં) | લીમીટ સેંક્શન્ડ |
|---|---|---|---|---|
| 1. | સીનય અબ્રાહમ | 13356100063206 | 194 | 621000.00 |
| 2. | જરીનાબેન તરૂણકુમાર કન્દોઈ | 13356400008026 | 55.05 | 195000.00 |
| 3. | પટેલ આતિશ ગિરીશભાઈ | 13356400006137 | 12.53 | 34000.00 |
| 4. | પટેલ આતિશ ગિરીશભાઈ | 13356100064840 | 30 | 48500.00 |
| 5. | પટેલ આતિશ ગિરીશભાઈ | 13356100064592 | 18.22 | 45,000.00 |
| 6. | પટેલ આતિશ ગિરીશભાઈ | 13356100066712 | 12.6 | 35,000.00 |
| 7. | મોરે રાહુલ અશોકભાઈ | 13356100055020 | 16.18 | 47125.00 |
| 8. | રવિ રાજકુમાર ઉધવાણી | 13356100054676 | 20.52 | 49474.00 |
| 9. | શિંદે જીતેશ | 13356100056895 | 35.51 | 95755.00 |
| 10. | પ્રમોદ અરૂણ નેમાડે | 13356100054692 | 15.49 | 40712.00 |
| 11. | સુનીથ આર. નાયર અલિયાસ કેઆર સુનીથ નાયર | 13356100055780 | 97.7 | 160000.00 |
| 12. | વિનિતા જયદેવ નાયર | 13356100060202 | 35.3 | 66674.00 |
| 13. | જયદેવ ઉન્નીકૃષ્ણન નાયર | 13356100057315 | 28.6 | 83000.00 |
| 14. | જયદેવ ઉન્નીકૃષ્ણન નાયર | 13356100067173 | 84.3 | 139128.00 |
| 15. | ગુલેકર પ્રવિણ પ્રકાશ | 13356100061523 | 29.7 | 81900.00 |
| 16. | ગુલેકર પ્રવિણ પ્રકાશ | 13356100057463 | 45.72 | 138000.00 |
| 17. | સંતોષ સિંઘ ભદૌરીયા | 13356100059832 | 82.2 | 226000.00 |
| 18. | સંતોષ સિંઘ ભદૌરીયા | 13356100059840 | 18 | 46000.00 |
| 19. | જોય વાડકેટાગડીયલ | 13356400008042 | 41.1 | 135000.00 |
| 20. | જોય વાડકેટાગડીયલ | 13356100042721 | 43.3 | 120000.00 |
| 21. | ભારવીન ભાવસાર | 13356100063271 | 62.4 | 173000.00 |
| 22. | પટેલ પિનલબેન ગિરીશભાઈ | 13356100051615 | 65.1 | 192000.00 |
| 23. | પટેલ પિનલબેન ગિરીશભાઈ | 13356100064485 | 13.9 | 35000.00 |
| 24. | પટેલ પિનલબેન ગિરીશભાઈ | 13356100066365 | 6.7 | 18000.00 |
| 25. | પટેલ પિનલબેન ગિરીશભાઈ | 13356100058842 | 5.9 | 16600.00 |
| 26. | જગદીશ પટેલ | 13356400006129 | 28.67 | 50600.00 |
| 27. | વિક્રાંત ભાદે | 13356100058545 | 10.67 | 30133.00 |
| 28. | વિક્રાંત ભાદે | 13356100059345 | 20.53 | 58734.00 |
| 29. | વાળંદ નિક્ષીત નરેન્દ્રભાઈ | 13356100057109 | 63.37 | 172166.00 |
| 30. | મહેતા ગૌરાંગ | 13356100058313 | 109.37 | 310000.00 |
| 31. | ગુજરાલ ગુરમીતસિંઘ અવતારસિંઘ | 13356100058669 | 150.99 | 404021.00 |
| 32. | રત્નપ્રભા હરિશકુમાર સોલંકી | 13356400008174 | 271.7 | 933000.00 |
| 33. | રત્નપ્રભા હરિશકુમાર સોલંકી | 13356400008182 | 349.2 | 1279000.00 |

તા. :૧૦-૦૬-૨૦૨૨ સ્થળ : વડોદરા — **કરજદારોને ૭ દિવસીય વેચાણ નોટીસ** — શાખા પ્રબંધક : અલ્કાપુરી શાખા